

## આનંદ (HAPPY / JOY)

### MONTH : JULY

**"સાચો આનંદ જ્ઞાન પ્રાપ્ત કરવામાં છે,
કેમ કે શીખવું એ જ જીવનનો સાચો ઉત્સવ છે."**



આત્મીય વાલીશ્રી, વંદે માતરમ્

આનંદ એટલે ચિત્તની પ્રસન્ન સ્થિતિ. પ્રાણીમાત્ર કોઈ પણ પ્રકારે આનંદને શોધે છે અને પીડા, વેદના કે વ્યથાને ટાળવાનો હરહંમેશ પ્રયત્ન કરે છે. આનંદ પ્રાપ્તિ માટે બહાર ફાંફા મારવાને બદલે પહેલા પોતાની અંદર રહેલ પૂર્વાનુમાનો, ભ્રમણા, ધારણા, પૂર્વગ્રહો, પોતાના માની લીધેલા સત્યો અને કથિત માન્યતારૂપી મલિનતા દૂર કરવામાં આવે તો આનંદ પ્રાપ્તિનું દ્વાર અવશ્ય ખુલશે. પોતાનામાં વ્યસ્ત રહો, દુનિયા શું કહેશે તેની ફિકર ન કરો વર્તમાનનો આનંદ લો, ભૂતકાળ ભૂલી જાઓ અને ભવિષ્યની ચિંતા ન કરો તો આપો આપ આનંદને પામી શકશો આનંદ ઈશ્વરની પવિત્ર શક્તિથી ઉત્પન્ન થતાં ગુણોનો એક ભાગ છે. ઈશ્વરની પવિત્ર શક્તિથી "નવો સ્વભાવ" કેળવવા મદદ મળે છે, એમાં આનંદનો પણ સમાવેશ થાય છે. જ્યારે આપણે આનંદમાં હોઈએ છીએ, ત્યારે આસાનીથી કોઈપણ મુશ્કેલીઓનો સામનો કરી શકીએ છીએ.

આપણી શાળામાં સાંપ્રત વર્ષે બાળકો સકારાત્મક લાગણી સમજી શકે, તેને આત્મસાત્ કરી શકે તેવા આશયથી 'લાગણી' થીમ અંતર્ગત દર મહિને વિદ્યાર્થીઓ અલગ-અલગ લાગણી આત્મસાત કરે અને લાગણીને સમજી શકે તેવા શુભ આશયથી એક વિશિષ્ટ સર્જનાત્મક પ્રવૃત્તિ આપ સમક્ષ પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

બાળક આનંદની લાગણીને સમજી શકે અને હરહંમેશ આનંદમાં રહે તે હેતુથી આનંદ વ્યક્ત કરવા બાળક આનંદદાયક પ્રવૃત્તિઓમાં જોડાય તે માટે બાળકને પ્રેરણા, ઉત્સાહ અને જરૂરી માર્ગદર્શન આપવા વિનંતી.

**"આનંદની શરૂઆત 'શાંતિ' થી થાય છે અને આનંદની તીવ્રતા એ 'પરમાનંદ' છે."**

# આનંદ (HAPPY / JOY) MONTH : JULY

## આનંદદાયક પ્રવૃત્તિ

### FIRST WEEK : PAINT YOUR HAPPINESS

આનંદની લાગણી માટે બાળકે શાળામાં મનગમતું ચિત્ર દોરી કે ચિત્રમાં રંગ પૂરી આનંદ વ્યક્ત કરવો.

### SECOND WEEK : SMILEY BATCH

બાળકો ઘરે **Smiley Batch** બનાવશે અથવા બહારથી ખરીદશે અને **તા.11-07-2025** ના રોજ આ **Smiley Batch** લગાવીને શાળામાં આવશે.

### THIRD WEEK : HAPPY MOMENT

બાળકને આનંદ આપતી હોય એવી એક્ટિવિટી ઘરે કરવાની રહેશે જેવી કે વૃક્ષારોપણ, ઘરના કામમાં મદદ, ગમતી રમત રમવી, ગમતી વસ્તુ બનાવવી, ગાયને રોટલી આપવી વગેરે.

(બાળકે પ્રવૃત્તિ કરતો ફોટો વૉટ્સઅપ પર વર્ગ શિક્ષકને મોકલવો.)

### FOURTH WEEK : HAPPINESS MAIL BOX

વર્ગમાં એક બોક્ષ મૂકવામાં આવશે તેમાં બાળકે પોતાને આનંદ આવ્યો હોય એ પ્રસંગ કાગળમાં લખીને બોક્ષમાં નાખવાનો રહેશે.

### FIFTH WEEK : HAPPY WALK

**શાળાની પ્રવૃત્તિ :-** બાલભવન થી ધો. 2 બાળકો શાળામાં વર્ગ શિક્ષક સાથે **Happy walk** કરશે.

**ઘરની પ્રવૃત્તિ :-** દરેક બાળકે ઘરે પરિવારના સભ્યો સાથે ગાર્ડનમાં સોસાયટીમાં કે ટેરેસ પર જ્યાં અનુકૂળતા હોય ત્યાં **Happy walk** કરશે.

## HAPPINESS PLEDGE

**બાળકે આ વાક્યો જુલાઈ મહિનામાં રોજ બોલવા અને આનંદમાં રહેવું.**

- હું ખુશ રહેવાનું પસંદ કરું છું.
- આજનો દિવસ મારા માટે આનંદનો છે.
- મારા દિવસની શરૂઆત સ્મિતથી કરું છું.
- મારી ખુશી માટે હું જ જવાબદાર છું.
- હું હંમેશા આનંદમાં રહીશ અને અન્યને પણ આનંદમાં રાખીશ.




**શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ**
(ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ)
At.Po.: Vav, N.H.No.: 48, Tal.: Kamrej, Di.: Surat
Pin : 394326 Mo.: 91734 02809, 91733 15555.

**વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ, બાબેન**
(ગુજરાતી માધ્યમ)
At & Po.: Baben, Opp. Avadh Life Style,Ta.: Bardoli,
Dist.: Surat (394601) Mo.: 91576 44555.